વી. એસ. ગણેશવાલા
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે,
કુંભાલ,સુરત.
ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૨૫૨૬
તારીખ :૩૦ /૦૬/૨૦૨૫

## -:સંમતિ પત્રક:-

પ્રતિ,

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) નાં સબઝોન–૫ નાં વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૩૩ (કુંભાલ), ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–કુંભાલ), ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૪ (કુંભાલ–મગોબ), ટી.પી. સ્કીમ નં. ૧૯ (પરવત–મગોબ) અને ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૫ (કુંભારીયા– સરોલી –સણીયા હેમાદ– દેવધ) સહિત વિવિધ ટી.પી. રસ્તાઓ, જાહેર રસ્તાઓ, પરવત અને મગોબ ગામતળ વિસ્તાર તેમજ વિવિધ સોસાયટીઓનાં આંતરીક રસ્તાઓ પર મેઈન્ટેનન્સની કામગીરી કરાવવા એસ્કેવેટર કમ લોડર (જે.સી.બી.) ભાડે લેવાનું કામ.

**સંદર્ભ :–** સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૩૦/૨૦૨૫, તા. ૨૪/૦૪/૨૦૨૫ થી મંજુર થયેલ યુનીટ રેટના ભાવે અને શરતે.

મહાશય,

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) નાં સબઝોન–૫ નાં વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૩૩ (કુંભાલ), ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–કુંભાલ), ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૪ (કુંભાલ–મગોબ), ટી.પી. સ્કીમ નં. ૧૯ (પરવત–મગોબ) અને ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૫ (કુંભારીયા– સરોલી –સણીયા હેમાદ– દેવધ) સહિત વિવિધ ટી.પી. રસ્તાઓ, જાહેર રસ્તાઓ, પરવત અને મગોબ ગામતળ વિસ્તાર તેમજ વિવિધ સોસાયટીઓનાં આંતરીક રસ્તાઓ પર મેઈન્ટેનન્સની કામગીરી કરાવવા એસ્કેવેટર કમ લોડર (જે.સી.બી.) ભાડે લેવાનાં કામે સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૩૦/૨૦૨૫, તા. ૨૪/૦૪/૨૦૨૫ થી મંજુર થયેલ યુનીટ રેટના ભાવે અને શરતે રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનુ ઇ.એમ.ડી રૂા. ૫,૦૦૦.૦૦ પૈ. સહિતનું સંમતિપત્રક તા.૧૦/ ૦૭ /૨૦૨૫ સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
સુરત મહાનગરપાલિકા

૪૮

\10.84.51.101\d\SEZ ROAD DETAILS\BHASKAR PATEL\online sammati

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૨૪–૪–૨૦૨૫ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૯–૪–૨૦૨૫ ના પત્ર નં.સી.સ્થા.સ./૭૦ થી વિદિત થઈ, નવો પૂર્વ(સરથાણા) ઝોનમાં તાપી નદીના દક્ષિણ તરફના ભાગમાં સમાવિષ્ટ વિવિધ ખાડીઓનું આગામી પ્રિમોન્સુન અંતર્ગતની કામગીરી અન્વયે પોકલેન મશીન અને એમફીબીએસ એસ્કેવેટર તથા લોંગસ્ટીક બુમ તથા જે.સી.બી. મશીનથી ડ્રેજીંગ/સફાઈ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૨ ટેન્ડરો અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) આ કામે નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર રામાણી દર્શક વિનુભાઈને (૧) એમફીબીએસ એસ્કેવેટર/લોંગસ્ટીક બુમ એસ્કેવેટર રૂા.૧૭૦૦/–પ્રતિ કલાક (૨) Pocklane Machine વર્ક માટે રૂા.૧૪૦૦/– પ્રતિ કલાક (૩) જે.સી.બી. 3D/4CX/L&T/BEML/HM રૂા.૬૦૦/– પ્રતિ કલાક (૪) ટ્રેકટર રૂા.૧૬૯/– પ્રતિ કલાક તથા (૫) Truck/Dumper રૂા.૩૬૦/– પ્રતિ કલાક અનુસાર કુલ રૂા.૧૫,૧૯,૬૦૦/– ના ખર્ચે, તેઓએ તેમના તા.૧૬–૪–૨૦૨૫ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, નવો પૂર્વ(સરથાણા) ઝોનને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન ઉકત કામ સોંપવાનું તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨) સાઉથ વેસ્ટ ઝોનના લોએસ્ટ ટેન્ડરરનાં આઈટમ નં.૫ Truck/Dumper ની કામગીરી માટેનો રૂા.૭૫/– પ્રતિ કલાકનો ભાવ પરવડે તેમ ન હોય, લોએસ્ટ ટેન્ડરર સંમત થયેલ નથી અને નોર્થ (કતારગામ)ઝોનમાં લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરરના ભાવે ડમ્પરની કામગીરીના રૂા.૩૬૦/– પ્રતિ કલાક અનુસાર સંમત થયેલ હોય ઉપરોકત પાંચેય આઈટમના ભાવો આગામી એક વર્ષ અથવા નવું ટેન્ડર મંજુર થાય એ બે માંથી જે વહેલુ થાય ત્યાં સુધી યુનિટ રેઈટ તરીકે મંજુર કરવામાં આવે છે.

(૩) સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન વિસ્તારમાં સમાન પ્રકારના કામોએ પણ સદર ટેન્ડર હેઠળ મંજુર ભાવો અને શરતો મુજબ સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવનાર અન્ય ઈજારદારો પાસે મંજુર થયેલ યુનિટ રેઈટ અને શરતોને આધિન સક્ષમ સત્તાની મંજુરીથી કામગીરી સોંપવાનું તેમજ સદર નકકી કરેલ યુનિટ રેઈટથી સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીનો રીપોર્ટ અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવાનું અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિની મંજુરી મળ્યા બાદ જ કરેલ કામગીરીના બીલની ચુકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૮૩૦/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૯–૪–૨૦૨૫.

નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ,